ચાણક્ય ગ્રુપનું કડક અભિગમવાળું દૈનિક

# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૨ અંક ૨૭૭ તારીખ ૨૩-૦૭-૨૦૧૬ પાનાં : ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : શ્રી રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા


# નિફ્ટી હવે કરેક્શનના તબક્કામાં

અમેરિકાના પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સમાં ઉછાળાનો ટ્રેન્ડ જોવાયો છે. અર્થશાસ્ત્રીઓને પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સમાં ૦.૩ ટકા વૃદ્ધિની અપેક્ષા હતી, પરંતુ તેને બદલે અમેરિકામાં પ્રાઈસ ઈન્ડેક્સમાં ૦.૫ ટકાનો ઉમેરો થયો છે અને તે બાબત ફુગાવો મજબૂત થઈ રહ્યો હોવાનો સ્પષ્ટ સંકેત આપે છે અને તેની અસર ડોલરની મજબૂતાઈ ઉપર થોડીક નેગેટીવ થઈ ગઈ હતી અને ક્રૂડના ભાવમાં ઘટાડાની અસર થોડી ઘટી છે. એકંદરે મે-૨૦૧૫ પછી પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સમાં આ સૌથી મોટો ઉછાળો જોવાયો છે.

આંકડાઓ પણ અપેક્ષા કરતાં ઘણાં જ સુંદર આપ્યા છે અને એનાલિસ્ટોની અપેક્ષા કરતાં બીજા ક્વાર્ટર દરમ્યાન ચીને વધારે સારો વૃદ્ધિદર દર્શાવ્યો છે. ચીને જાહેર કરેલા સ્ટિમ્યુલસ પગલાંઓને કારણે માંગમાં ઉછાળો જોવાયો છે. અર્થશાસ્ત્રીઓને અપેક્ષા ૬.૬ ટકા વૃદ્ધિદરની હતી અને તેની સામે એપ્રિલથી જૂનના ક્વાર્ટર દરમ્યાન ચીનમાં ૬.૭ ટકાનો વૃદ્ધિદર જોવાયો છે. અગાઉના ક્વાર્ટરમાં પણ ૬.૭ ટકા વૃદ્ધિદરનો અંદાજ હતો. જ્યારે પ્રથમ ક્વાર્ટરની સરખામણીમાં બીજા ક્વાર્ટર દરમ્યાન ચીનના જીડીપીમાં ૧.૮ ટકાનો વધારો થયો છે. ચીની સરકાર આ વર્ષે ૬.૫થી ૭ ટકા વૃદ્ધિનો અંદાજ ધરાવે છે. વિશ્વના આ બીજા નંબરના સૌથી મોટા અર્થતંત્રમાં છેલ્લાં ૨૦ વર્ષમાં જે વૃદ્ધિદર જોવાયો હતો તેની સરખામણીમાં સરકારનો આ અંદાજ થોડો નીચો છે, પરંતુ સામે પક્ષે ચીનનું અર્થતંત્ર સરકારના અંકુશોમાંથી બહાર આવીને ધીરે ધીરે કન્ઝમ્પશન એટલે કે વપરાશ આધારિત અર્થતંત્ર થઈ રહ્યું છે અને આ પરિવર્તન એકંદરે સરળ નથી રહ્યું. ચીન જેવા વિશાળ અર્થતંત્રમાં જ્યારે આવું જંગી પરિવર્તન ચાલી રહ્યું હોય ત્યારે અર્થતંત્રમાં તોફાની વધઘટ જોવાય અને તેની અસર વિશ્વભરના અર્થતંત્ર અને શેરબજારોને થાય તે સ્વાભાવિક છે. સને ૨૦૧૫માં ચીને તેના ૨૫ વર્ષનો સૌથી નીચો એવો ૬.૯ ટકાનો વૃદ્ધિદર હાંસલ કર્યો હતો.

સામે પક્ષે અમેરિકાના રિટેલ વેચાણોમાં ૦.૬ ટકાની વૃદ્ધિ જોવાઈ છે જ્યારે અર્થશાસ્ત્રીઓને અપેક્ષા હતી કે ૦.૧ ટકાની વૃદ્ધિ જોવાશે.

આ તમામ પોઝિટીવ ડેવલપમેન્ટોને કારણે ગયા અઠવાડિયા દરમ્યાન અમેરિકા સહિત વિશ્વભરના શેરબજારો અને ભારતના શેરબજારોમાં સુંદર તેજી જોવાઈ હતી.

વિશ્વભરના શેરબજારોમાં ગયું અઠવાડિયું ખૂબ સુંદર તેજીનું રહ્યું. ડાઉજોન્સ, નાસ્ડેક અને સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર્સમાં ૧૧ મહિનાનું ટોપ બન્યું છે અને તેવી જ રીતે ભારતીય બજારોમાં પણ ગયા અઠવાડિયે મજબૂત તેજીનો ટ્રેન્ડ જોવાયો. વિશ્વભરના રોકાણકારો બ્રેક્ઝિટના ભયને સદંતર ભૂલી ગયા હતા અને તેમાં પણ ઈંગ્લેન્ડમાં વડાપ્રધાન તરીકે કેમરોનને બદલે અન્ય વ્યક્તિ આવી રહી હોવાથી હવે બ્રેક્ઝિટ અંગે ઉકેલ આવશે અને નવી વ્યક્તિ બ્રિટનની પ્રજાને તેમજ યુરોઝોનને બ્રેક્ઝિટ અંગે સમજાવી લેશે તે આશાવાદ વિશ્વભરના શેરબજારોમાં શરૂ થઈ ગયો હતો.

ગયા અઠવાડિયા દરમ્યાન અમેરિકામાં રોજગારીના આંકડા અપેક્ષા કરતાં ઘણાં સારા આવતાં ડાઉજોન્સમાં નવું ટોપ બન્યું હતું.

જૂન મહિના દરમ્યાન અમેરિકામાં ૨૮૭૦૦૦ નવી જોબ ઉમેરાઈ છે અને આ આંકડો એનાલિસ્ટોની અપેક્ષા કરતાં ખૂબજ પ્રોત્સાહક આવ્યો છે અને બેરોજગારીનો દર ૪.૯૦ ટકાના લેવલ ઉપર આવી ગયો છે. એકંદરે મે મહિના દરમ્યાન રોજગારીના માર્કેટમાં નબળો વૃદ્ધિદર જોવાયો હતો અને જોબ માર્કેટના અભ્યાસુઓ રિબાઉન્ડ ટ્રેન્ડ જોવાશે તેવી આશા તો ધરાવતા હતા, પરંતુ જૂનના આંકડાઓએ તે અપેક્ષાઓ કરતાં પણ વધારે સારા આંકડા દર્શાવતાં અમેરિકન શેરબજારોમાં એકદમ તેજી છવાઈ ગઈ હતી અને નાસ્ડેકે ૨૦૧૬નું નવું ટોપ બતાવ્યું છે. જ્યારે અમેરિકાનો બીજો ઈન્ડેક્સ સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર્સ ઓલટાઈમ હાઈ લેવલ ઉપર આવી ગયો છે અને તેણે ઈન્ટ્રા ડેમાં ૨૧૪૩.૧૬નું ટોપ બતાવ્યું હતું અને તેવી જ રીતે ટેકનોલોજી શેરોનો ટ્રેન્ડ દર્શાવતાં નાસ્ડેકમાં પણ ડિસેમ્બર-૩૧ પછી પ્રથમ વખત ૫૦૦૦નું લેવલ પસાર થઈ શક્યું છે.

અમેરિકન શેરબજારોમાં તો બ્રેક્ઝિટનો ભય દૂર થયો છે અને સાથે સાથે વિશ્વના ત્રીજા નંબરના અર્થતંત્ર જાપાનમાં પણ વધારે આર્થિક સ્ટિમ્યુલસ આવશે તેવો સંકેત મળતાં તેની અસર જોવાઈ હતી. જાપાનના વડાપ્રધાન સિન્ઝોએબે દ્વારા પોતે સત્તા ઉપર આવ્યા પછી પ્રથમ વખત નવા સ્ટિમ્યુલસની જાહેરાત કરવામાં આવી છે. જાપાનના અપર ચેમ્બરમાં તેમણે અભૂતપૂર્વ વિજય મળ્યો હતો અને તે પછી તેમણે નવા સ્ટિમ્યુલસ પેકેજની તૈયારીઓ શરૂ કરી નાંખી છે અને આ સમાચાર પાછળ જાપાનના ઈન્ડેક્સ નિક્કી-૨૨૫માં ૨.૫ ટકાનો ઓવરનાઈટ ઉછાળો જોવાયો હતો અને ડોલરની સામે જાપાનની કરન્સી યેનમાં પણ મજબૂતી આવી હતી.

વિવિધ ફંડ મેનેજરોના મંતવ્ય મુજબ શોર્ટટર્મ માટે તો આ જાહેરાત પોઝિટીવ રહેશે, પરંતુ લાંબાગાળે શું અસર થાય છે તે જોવું રહ્યું.

સામે પક્ષે બેન્ક ઓફ ઈંગ્લેન્ડ દ્વારા વ્યાજદર ૦.૫ ટકાના લેવલ ઉપર જાળવી રાખવામાં આવ્યો છે. અગાઉ બેંક ઓફ ઈંગ્લેન્ડના ગવર્નર માર્ક કાર્નીએ પોલિસી ઈઝીંગ આવશે તેવો સંકેત આપેલો, પરંતુ તે રીતે વ્યાજદર ઘટાડવાને બદલે બેંક ઓફ ઈંગ્લેન્ડે વ્યાજદર અગાઉના લેવલ ઉપર જ જાળવી રાખ્યા છે અને હવે ઓગસ્ટ મહિનામાં વ્યાજદરમાં રાહત આવશે તેવો સંકેત આપ્યો છે. બજારના ખેલાડીઓને અપેક્ષા હતી કે બેન્ક ઓફ ઈંગ્લેન્ડ વ્યાજદરમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરશે અને ૦.૨૫ના લેવલ ઉપર વ્યાજદર લાવી દેશે. સને ૨૦૦૯ પછી પ્રથમ વખત વ્યાજદરમાં આ ઘટાડો અપેક્ષિત હતો, પરંતુ ૨૩મી જૂને બ્રિટનની પ્રજાએ યુરોઝોનમાંથી નીકળી જવા જે વોટિંગ કર્યું અને તે પછી વિશ્વભરના બજારોમાં તોફાની વધઘટ જોવાઈ તેને કારણે બેન્ક ઓફ ઈંગ્લેન્ડે અત્યારે વ્યાજદરમાં ઘટાડો ટાળી નાંખ્યો છે. તેમ છતાં આવતા મહિને એટલે કે ઓગસ્ટમાં વ્યાજદર ઘટાડાશે તેવો સ્પષ્ટ વિશ્વાસ અને સંકેત આપી દીધો છે.

ચાણક્યના અંક નં.૧૬ના હેડીંગમાં આ અઠવાડિયું તો તેજી રહેશે તેમ દર્શાવેલું અને તે સાથે જ આડકતરો સંકેત પણ આપી દીધેલો કે નવા અઠવાડિયામાં કરેક્શન શરૂ થવાનું છે અને તે માટેના તમામ પૂરતાં કારણો હવે ઊભા થઈ ગયા છે.

શુક્રવારે ફ્રાંસના નાઈસ ખાતે એક વિશાળ મેળાવડામાં એક ગાંડી વ્યક્તિએ મોટી ટ્રક દોડાવી દીધી અને આ રીતે ટ્રક દોડાવાને કારણે લગભગ ૮૪ વ્યક્તિઓ કે જેમાં અનેક બાળકોનો સમાવેશ થાય છે તેમનું આકસ્મિક મૃત્યુ થયું હતું. પોલિસે ટ્રક ડ્રાઈવર ઉપર ગોળીઓ ચલાવીને તેને તાત્કાલિક મારી નાંખ્યો હતો, પરંતુ તે પહેલાં જ ૮૪ વ્યક્તિઓના મૃત્યુ થતાં ફ્રાંસના પ્રમુખે કટોકટી જાહેર કરી નાંખી હતી અને આ કોઈ ગાંડી વ્યક્તિનું કૃત્ય નથી પરંતુ આતંકવાદી કૃત્ય છે તેમ જાહેર કરાયું છે અને આ ડેવલપમેન્ટ પછી ફરી એક વખત વિશ્વભરમાં ગભરાટ વધે અને ઈક્વિટીમાં નબળાઈ જોવાય અને સોનામાં આકર્ષણ વધે તે સંભાવના મજબૂત છે.

સામે પક્ષે રિટેલ ઈન્વેસ્ટરોનું આકર્ષણ બજાર તરફ ઝડપથી વધી રહ્યું છે. એક તો અત્યારે આઈપીઓ માર્કેટમાં એક પછી એક સારા ઈશ્યૂઓ આવતા જાય છે અને તેમાં અગાઉ ૧ મહિના સુધી પૈસા રોકી રાખવાને બદલે માંડ અઠવાડિયામાં જ ફેંસલો થઈ જતો હોવાથી અને કોઈ પ્રકારનું જોખમ રહ્યું ના હોવાથી રિટેલ ઈન્વેસ્ટરો ઢગલો ને ઢગલો ભંડોળ આઈપીઓમાં ઠાલવી દે છે. ક્વેસ કોર્પનો દાખલો લઈએ તો તે આઈપીઓમાં ૧૪૪ગણું ભરણું થયું હતું અને રિટેલ હિસ્સો પણ ૩૧.૨૨ગણો ભરાયો હતો. એટલે કે ૧૨ લાખ શેરોની સામે ૩૬૦ લાખ શેરોનું ભંડોળ રિટેલ ઈન્વેસ્ટરોએ રોકી પાડ્યું અને તેમાં રૂ. ૩૧૭માં ભરેલા શેર સામે પહેલે જ દિવસે લગભગ ૨૦૦ રૂપિયાનું રિટર્ન છૂટી ગયું અને આવું રિટર્ન એકદમ સલામત રીતે મળતું હોય તો સ્વાભાવિક છે કે ડિમેટ ખાતાંઓ ખોલવામાં જોરદાર ધસારો શરૂ થઈ જાય.

સામે પક્ષે રિટેલ ઈન્વેસ્ટરોના પ્રિય એવા બે આંકડાના શેરોમાં સટ્ટાકીય કામકાજ શરૂ થઈ ગયા છે અને રૂ. ૧૦વાળા શેરો જોતજોતાંમાં રૂ. ૧૫ થઈ જતાં હોવાથી ભજીયાં ખાનારા પણ ઉત્સાહમાં આવી ગયા છે અને આ ડેવલપમેન્ટને કારણે ફરી એક વખત ગુજરાત અને મહારાષ્ટ્રના નાનાં મોટાં સેન્ટરોમાં કામકાજ ઝડપથી વધ્યા લાગ્યા છે. આમ, નવા અઠવાડિયા દરમ્યાન ભલે સેન્સેક્સ અને નિફ્ટીમાં થોડી નબળાઈ જોવાય પરંતુ મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં તેજીમય માહોલ અકબંધ રહેશે અને રિટેલ ઈન્વેસ્ટરોનું પુનરાગમન સતત ચાલુ રહેશે તેમ સ્પષ્ટ રીતે દેખાય છે.

## ડિમેટ ખાતાંઓ ખોલવામાં જોરદાર ધસારો




**નિફ્ટી હવે કરેક્શનના તબક્કામાં દાખલ થઈ છે. આરએસઆઈ ૬૬.૩૬ ઉપર છે અને એમએસીડી ઈન્ડિકેટર કરેક્શન શરૂ થવાનો સંકેત આપે છે, સ્ટોકેસ્ટિક્સ આરએસઆઈ અને સ્ટોકેસ્ટિક્સ ઈન્ડિકેટર કરેક્શન માથા ઉપર હોવાનું દર્શાવે છે.**

**નિફ્ટીમાં ૮૬૨૨ના સ્ટોપલોસથી મંદીની પોઝિશન શરૂ કરાય અને તેમાં નીચામાં ૮૪૭૩થી ૮૪૩૭ જોવાવાનો ભય છે.**

## સિમેન્ટ સેક્ટર

સિમેન્ટ શેરોમાં મજબૂત તેજીનો માહોલ જળવાઈ રહ્યો છે. ચાણક્યના અંક નં.૫૦માં **રામકો સિમેન્ટ**નો શેર પરેશભાઈએ લેવડાવેલો અને તે વખતે રામકોનો શેર રૂ. ૩૭૨ ઉપર હતો. તે પછી અત્યારે ૧૯ અઠવાડિયા એટલે કે લગભગ સાડા ચાર મહિના થયા અને રામકોનો શેર રૂ. ૨૦૦ વધીને રૂ. ૫૮૩ ઉપર આવી ગયો છે. આમ, સાડા ચાર મહિનામાં ૫૦થી ૬૦ ટકા સિમેન્ટ રામકો સિમેન્ટના શેરે આપી દીધું અને તેવી જ રીતે અંક. ૫૦માં જૈનીબહેનની કોલમમાં રૂ. ૨૯૭૪ના ભાવે **અલ્ટ્રાટેક સિમેન્ટ**નો શેર લેવડાવેલો અને તે શેર અત્યારે સાડા ચાર મહિને રૂ. ૩૫૩૧ ઉપર આવી ગયો છે અને હજી પણ તે શેરમાં ખેલાડીઓનું ખૂબ સુંદર આકર્ષણ છે. તેવી જ રીતે **એસીસી, અંબુજા સિમેન્ટ, પ્રિઝમ સિમેન્ટ** વેગેરે શેરોએ પણ છેલ્લાં ગાળામાં સુંદર રિટર્ન આપી દીધું છે. **ઈન્ડિયા સિમેન્ટ**નો શેર રૂ. ૮૦ના ભાવે અને તે પછી રૂ. ૮૭-૯૦ના ભાવે અનેક વખત લેવડાવેલો અને દરેક વખતે મજાકમાં કહેતા હતા કે આઈપીએલના પ્રમુખ અને આ કંપનીના ચેરમેન આઈપીએલના કામકાજમાંથી (સટ્ટામાંથી) નિવૃત્ત થયા છે અને પોતાની તાકાત ઈન્ડિયા સિમેન્ટના શેર ઉપર લગાડશે. અત્યારે ઈન્ડિયા સિમેન્ટનો શેર રૂ. ૧૧૫ ઉપર આવી ગયો છે અને આવતાં થોડાં દિવસોમાં જ તેમાં મુંબઈના ખેલાડીઓની વાત માનીએ તો રૂ. ૧૩૦નો ભાવ આવી જવાની સંભાવના મનાય છે.

ચાણક્યના આ વર્ષના અંક નં. ૧ એટલે કે એપ્રિલના પ્રથમ અંકમાં **એસીસી**નો શેર રૂ. ૧૩૭૨ના ભાવે પરેશભાઈએ લેવડાવેલો અને તે વખતે રૂ. ૧૫૦૦નું લક્ષ્યાંક આપેલું. એસીસી અત્યારે સાડા ચાર મહિને રૂ. ૧૬૧૩ ઉપર આવી ગયો છે. આમ, સિમેન્ટ શેરોએ છેલ્લાં ૫ મહિનામાં ખૂબ સુંદર ઉછાળો આપી દીધો છે. તેમ છતાં હજી પણ આગામી દિવસોમાં અમુક સિમેન્ટ શેરોમાં મોટા ઉછાળાની જગ્યા બાકી છે અને તેથી તે શેરોનું એનાલિસિસ લઈએ.

ચાણક્યના આ અંકમાં જ રૂ. ૫૮૩ના ભાવે **રામકો સિમેન્ટ**માં ઉછાળાનો સંકેત ફરી વખત પરેશભાઈએ આપ્યો છે અને મુંબઈના ખેલાડીઓની વાત માનીએ તો આવતાં થોડાં દિવસોમાં રામકો સિમેન્ટ રૂ. ૬૨૫ ઉપર આવી જાય તે સંભાવના ખૂબ મજબૂત છે. જ્યારે રૂ. ૨૬૦ ઉપરના **અંબુજા**માં આવતાં થોડાં દિવસોમાં જ સુંદર ઉછાળા સાથે રૂ. ૨૮૦-૩૦૦ના ભાવની ગણતરી છે.

બીજી હરોળના સિમેન્ટ શેરોમાં રૂ. ૩૯૫વાળો **જેકેલક્ષ્મી સિમેન્ટ**નો શેર ધ્યાનમાં રખાય. કંપનીની કામગીરી ખૂબ સુંદર છે અને આવતાં થોડાં દિવસોમાં પણ તે શેરમાં મોટો ઉછાળો બાકી છે. તેવી જ રીતે રૂ. ૧૧૪ ઉપર આવી ગયેલો **ઇન્ડિયા સિમેન્ટ**નો શેર પણ ધ્યાનમાં રાખી શકાય. આવતાં થોડાં દિવસોમાં બીજા રૂ. ૨૦-૨૫ ઉંચકાય જાય તો સહેજે નવાઈ નહિ લાગે.

નીચા ભાવના શેરોમાં રૂ. ૬૩૪વાળો **ઓસીએલ** કવર કરી શકાય અને આવતાં થોડાં દિવસોમાં જ તે શેર સુંદર ઉછાળા સાથે રૂ. ૧૦૦નું રિટર્ન આપી જવાની જગ્યા દેખાય છે.

રૂ. ૮ ઉપર મળી રહેલું **આંધ્ર સિમેન્ટ**નું ફુદ્દું કવર કરાય. એમ જોઈએ તો કંપની નુકસાનમાં છે પરંતુ ટેકઓવર ઉમેદવાર ચોક્કસ છે અને તેથી કોઈક એવા સમાચાર આવી જાય અને ફુદ્દું ફાટી જાય તો નવાઈ ન પામતાં.

**મંગલમ સિમેન્ટ**નો રૂ. ૩૦૬વાળો શેર પણ ધ્યાનમાં રખાય. મંગલમ સિમેન્ટ બિરલાની કંપની છે અને બિરલાની કંપની હોય એટલે સટોડિયાઓને મજા પડી જાય. હવેના તબક્કે ટર્નઅરાઉન્ડ પરિણામોની અપેક્ષા છે અને તે પાસું ધ્યાનમાં રાખીએ તો દોડવાની જગ્યા ખૂબ મોટી છે.

**સેન્ચરી ટેક્સટાઈલ** અત્યારે રૂ. ૬૭૮ ઉપર છે. કુમાર મંગલમના દાદાની આ કંપની હંમેશાં બીરલા ગ્રૂપનું છોગું મનાય છે અને હવે આ છોગું કુમાર મંગલમના મુકુટમાં સ્થાન પામે તેવી ગણતરી છે. ગમે ત્યારે આ અંગેના પોઝિટીવ સમાચારો આવી જવાના. એક તરફ વર્લી ખાતેની તેની રિયલ એસ્ટેટ ખૂબજ ઝડપથી વિકસી રહી છે અને મુંબઈનું અને ખાસ કરીને વર્લી ખાતેનું રિયલ એસ્ટેટ માર્કેટ તેજીતરફી થઈ ગયું છે. સિમેન્ટ ડિવિઝનની કામગીરી જોરદાર છે અને તેના કોટર્ન ડિવિઝનનું કામકાજ પણ હવે જોરદાર નફામાં આવી ગયું છે. આમ, જોરદાર ટર્નઅરાઉન્ડ પરિણામ આવે અને તે પાછળ રૂ. ૬૭૮વાળા આ શેરમાં ભડકો થઈ જાય તે સંભાવના મજબૂત છે. વધારે નહિ તો ૫-૧૦ શેર લઈ આ છોગારૂપી શેરમાં રોકી દો. ઉપરમાં રૂ. ૮૦૦ મધ્યમગાળે જોવાય.

રૂ. ૬૮ના ભાવે **સાંઘી ઈન્ડસ્ટ્રીઝ**નો શેર પણ ધ્યાનમાં રખાય. નફાશક્તિ સુંદર આવે અને તે પાછળ શેર દોડી જાય તે સંભાવના મજબૂત છે.

## એફઆઈઆઈ ટ્રેન્ડ

### એફઆઈઆઈની જોરદાર લેવાલી

શ્રી મોદીના વિદેશી પ્રવાસોને કારણે ભારત તરફની ઇમેજમાં પણ મોટો બદલાવ જોવાય છે. અમેરિકા જ નહીં, પરંતુ મિડલ ઇસ્ટ, આફ્રિકા વગેરે દેશોમાં વસતા એનઆરઆઇ ભારતની પ્રગતિ અંગે ખૂબજ આતુર છે અને આ ડેવલપમેન્ટને કારણે એફઆઇઆઇનું ભારત તરફનું રોકાણ હવે ઝડપથી વધશે તે આશાવાદ વધ્યો છે. એમ પણ સોના અને ચાંદીમાંથી સેફ હેવન માંગ ઘટવા લાગી છે અને તે ભંડોળ પણ ઝડપથી વિકસી રહેલા ભારતના અર્થતંત્રમાં આવે તે આશાવાદ છે.

વિશ્વના તમામ અર્થતંત્રમાંથી પોઝિટીવ સંકેતો શરૂ થઈ જતાં ભારતીય શેરબજારમાં એફઆઇઆઇની લેવાલી વધી છે. એમ પણ ચોમાસું સત્ર શરૂ થતાં તેને કારણે જીએસટી ખરડા અંગેનો આશાવાદ જોવાય છે અને સાથે સાથે કેન્દ્ર સરકાર રૂ. ૧ લાખ કરોડના રોડ પ્રોજેક્ટો અંગે તૈયાર થઈ ગઈ છે. પ્રાઈવેટ સેક્ટર ભલે રોકાણ ન કરે પરંતુ અર્થતંત્રને દોડતું કરવા માટે કેન્દ્ર સરકારે મોટા પાયે તૈયારીઓ શરૂ કરી છે અને તેમાં ચોમાસાએ પોઝિટીવ સાથ આપી દેતાં હવે ભારતનું અર્થતંત્ર ઝડપથી દોડશે તે આશાવાદ વધ્યો છે.

એફઆઇઆઇનું ફોકસ અત્યારે મજબૂત ફંડામેન્ટલવાળા સિમેન્ટ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ટેલિકોમ અને સ્ટીલ શેરોમાં જોવાય છે અને તેમાં ઉછાળો જોવાશે.

### એપ્રિલના પ્રથમ અંકમાં **એસીસી**નો શેર રૂ. ૧૩૭૨ના ભાવે પરેશભાઈએ લેવડાવેલો





**DYNAMIC INDUSTRIES LIMITED**
Plot No. 5501/2, Phase III, Nr. Trikampura Cross Road, G.I.D.C., Vatva, Ahmedabad - 382 445
Tel : 25897221-22-23, Fax: 25834292
CIN : L24110GJ1989PLC011989
Email : accounts@dynaind.com Website : www.dynaind.com

**સુચના**

આથી સુચના આપવા માં આવે છે કે કંપની ની ૨૭મી વાર્ષિક સામાન્ય સભા તારીખ ૧૩ ઓગસ્ટ,૨૦૧૬ સમયઃ સવારે ૧૧:૩૦ કલાકે યોજવામાં આવેલ છે,સ્થળઃ રજિસ્ટર્ડ ઓફિસ પ્લોટ નંબર ૫૫૦૧/૨ ફેઝ -૩ , ત્રિકમપુરા ચારરસ્તા,જી.આઇ.ડી.સી. વટવા,અમદાવાદ-૩૮૨૪૪૫,ગુજરાત. સભા ની સૂચના સાથે સામાન્ય વ્યવસાયો,૩૧માર્ચ ૨૦૧૬ એ પૂરા થતા વર્ષ ની ઓડિટેડ ઍકલ નાણાકીયપત્રક અને એકત્રિત નાણાકીયપત્રક , ઑડિટર્સ રિપોર્ટ અને ડિરેક્ટર્સ રિપોર્ટ મોકલવામાં આવેલ છે અને જે સભ્યોના ઇ-મેલ આઇડી નોધાવેલ છે એ સભ્યોનેઇ-મેલ દ્વારા મોકલવામાં આવેલ છે.

સભ્યોને આથી જણાવવાનું કે નોટીસ અને બધા ડૉકયુમેંટ કંપનીની વેબસાઈટ www.dynaind.com પર ઉપલબ્ધ છે. બધા ડૉક્યુમેંટની નકલ સભ્યોના નિરીક્ષણ માટે ધંધાકિય કલાકો દરમ્યાન વાર્ષિક સામાન્ય સભા સુધી કંપનીના રજિસ્ટર્ડ ઓફિસ પર ઉપલબ્ધ રહેશે.

સભ્ય પ્રૉક્સી નિમણૂક કરી શકે છે,પ્રૉક્સી નિમણૂક માન્ય ત્યારે જ થશે જો એ પ્રૉક્સી નિમણૂકનું ફોર્મ ૪૮ કલાક પહેલા કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ પર જમા કરવામાં આવશે.

આથી સૂચના આપવામાં આવે છે કે કંપનીઝ એક્ટ,૨૦૧૩ ની કલમ ૯૧ અને સેબી (લીસ્ટિંગ ઓબ્લિગેશન ઍન્ડ ડિસક્લોઝર રિક્વાઈર્મેંટ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના નિયમ ૪૨ મુજબ,ડિવિડન્ડ ચુકવણી માટે, જાહેર કરાય તો, શુકવાર,૧૨ ઑગસ્ટ,૨૦૧૬ અને શનિવાર,૧૩ ઑગસ્ટ,૨૦૧૬ ના રોજ મેમ્બર રજિસ્ટર અને શેર ટ્રાન્સફર બુક બંધ રહેશે.

તારીખઃ૨૨જુલાઇ,૨૦૧૬
સ્થળઃ અમદાવાદ

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ હુકમ દ્વારા
દીપક એન ચોકશી
મેનેજિંગ ડિરેક્ટર

**સૂચના-ઇ-વોટિંગ**

આથી સુચના આપવા માં આવે છે કે કંપનીની ૨૭મી વાર્ષિક સામાન્ય સભા તારીખ ૧૩ ઓગસ્ટ,૨૦૧૬ સમયઃ સવારે ૧૧:૩૦કલાકે યોજવામાં આવેલ છે.કંપનીઝ એક્ટ, ૨૦૧૩ , કલમ-૧૦૮ અને સેબી,(લીસ્ટિંગ ઓબ્લિગેશન ઍન્ડ ડિસક્લોઝર રિક્વાઈરમેંટ) રેગ્યુલેશન,૨૦૧૫ ના નિયમ ૪૪ મુજબ,કંપની તેના બધા સભ્યોને ઈ-વોટીંગ દ્વારા મત આપવાની સુવિધા આપે છે,જે ઠરાવ વાર્ષિક સામાન્ય સભામાં પસાર કરવાનો છે. વાર્ષિક સામાન્ય સભા તેની રજિસ્ટર્ડ ઓફિસ,પ્લોટ નંબર ૫૫૦૧/૨ ફેઝ -૩,ત્રિકમપુરા ચારરસ્તા,જી.આઇ.ડી.સી. વટવા,અમદાવાદ-૩૮૨૪૪૫,ગુજરાતમાં યોજવામાં આવેલ છે,સભ્યો તેમનો મત ઈલેક્ટ્રોનિક વૉટિંગ સિસ્ટમ દ્વારા કરી શકે છે.સભ્યો સ્થળ કરતાં અન્ય જગ્યાએથી પણ મત આપી શકે છે(રીમોટ ઈ-વૉટિંગ) દ્વારા કંપનીએ વૉટિંગ સુવિધા પૂરી પાડવા માટે એજન્સી તરીકે સેન્ટ્રલ ડિપૉજિટરી સર્વિસ(ઇન્ડિયા)લિમિટેડની સેવાઓ લીધેલ છે.

કંપનીએ બધા સભ્યોને આ સુવિધાની માહિતી અને યૂજર-આઇડી અને પાસવર્ડ નોટીસમાં દર્શાવેલ છે.નોટીસ અને બધા ડૉક્યુમેંટ કંપનીની વેબસાઈટ www.dynaind.com અને સેન્ટ્રલ ડિપૉજિટરી સર્વિસ(ઇન્ડિયા)લિમિટેડની વેબસાઈટ www.evotingindia.com પર મુકવામાં આવેલા છે.

રિમોટ ઈ-વોટિંગ ૧૦ ઓગસ્ટ,૨૦૧૬, સવારે ૯:૦૦ થી ૧૨ ઓગસ્ટ,૨૦૧૬ સાંજે ૫:૦૦ વાગ્યા સુધી ચાલુ રાખવામાં આવશે, આ સમય બાદ આ સુવિધા બંધ કરી દેવામાં આવશે.જે વ્યક્તિનું નામ કટ-ઓફ તારીખ એટલે કે,૬ ઓગસ્ટ૨૦૧૬ પર સભ્યો/લાભદાયી માલિકોના રજિસ્ટરમાં હશે તે વ્યક્તિ રિમોટ ઈ-વોટિંગ સુવિધા મેળવવા હકદાર રહેશે.

જે વ્યકિત નોટીસ મોકલ્યા બાદ સભ્યા બનશે અને જે વ્યક્તિ પાસે કટ-ઑફ તારીખ એટલે કે,૬ઓગસ્ટ,૨૦૧૬ના શેર હશે તે વ્યક્તિ પણ આ સુવિધા માટે હકદાર રહેશે.આ વ્યક્તિઓ તેમના યૂજર-આઇડી અને પાસવર્ડ માટે ahmedabad@linkintime.co.in અરજી મોકલીને મેળવી શકે છે.યૂજર-આઈડી અને પાસવર્ડ મેળવવા માટે વિગતવાર પ્રક્રિયા નોટીસમાં પણ આપેલ છે,નોટીસ અને બધા ડૉકયુમેંટ કંપનીની વેબસાઈટ www.dynaind.com અને સેન્ટ્રલ ડિપોઝિટરીઝ લિમિટેડની વેબસાઇડ www.dynaind.com પર મુકવામાં આવેલ છે. જે સભ્ય પહેલેથી ઇ-વોટિંગ માટે સી.ડી.એસ.એલ સાથે રજીસ્ટર થયેલ છે, તે સભ્ય તેમના વર્તમાન યૂજર-આઇડી અને પાસવર્ડ દ્વારા રિમોટ ઇ-વોટિંગ કરી શકે છે.જે સભ્યો ઇ-વોટિંગ દ્વારા મત ના આપ્યો હોય તે સભ્યો વાર્ષિક સામાન્યસભા માં મતપત્ર દ્વારા મત આપી શકે છે.

રિમોટ ઇ-વોટીંગને લગતી સૂચના સામાન્યસભાની નોટીસમાં આપેલ છે.

ઇ-વોટીંગને લગતા પ્રશ્નો માટે સીડીઍસઍલની વેબસાઇડ www.evotingindia.com ના ફ્રીકવેંટ્લી આસ્કડ ક્વેસ્ચન્સ(FAQs) જોવા અથવા ફોન નંબર ૧૮૦૦-૨૦૦-૫૫૩૩ પર વિના મૂલ્ય ફોન કરવો.ઇ-વોટીંગને લગતી ફરિયાદ માટે કૃપ્યા મિસ્ટર.વેન્સોસાલૉયસાફુરતાદો સીડીઍસઍલ,૧૭મો માળ,પીજેટવર,દલાલસ્ટ્રીટ,ફોર્ટ,મુંબઇ,૪૦૦૦૦૧,અથવા ફોન નંબર ૦૨૨-૨૨૭૨૩૩૩૩/૮૫૮૮ પર સંપર્ક કરવો.

બધા સભ્યો જેને ઇ-વોટિંગ કરેલ હશે તે સભ્ય સભામાં આવી શકે છે પણ એ સભ્ય સભામાં મતપત્ર દ્વારા મત નહી આપી શકે.

તારીખઃ૨૨જુલાઇ,૨૦૧૬
સ્થળઃ અમદાવાદ

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ હુકમ દ્વારા
દીપક એન ચોકશી
મેનેજિંગ ડિરેક્ટર



શાંત ચિત્ત માટે મગજને સતેજ રાખે તેમજ ચિંતા, અકળામણ, ગુસ્સો દૂર કરે તે માટે વૈજ્ઞાનિક ઢબે તૈયાર થતું ક્રોસવર્ડ મેગેઝીન

**મજામારી ભેજામારી**

નિવૃત્ત લોકો, ગૃહિણીઓ, બાળકો, ચાલીસીમાં પ્રવેશી ચૂકેલાઓ માટે બેસ્ટ

દર બુધવારે, કોપી બુક કરવો









TATA SALT
DESH KA NAMAK


